INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી | તા. ૦૬-૦૯-૨૦૨૨

રાજ્યમાં ખાદ્યતેલ સીંગતેલ, કપાસિયા તેલ અને પામોલીન તેલના ભાવો અસહ્ય વધી રહ્યા છે, **સરકાર ભાવ વધારો કાબૂમાં લેવા કોઈ નક્કર પગલાં લેતી નથી, ભાજપ સરકારને કરોડો રૂપિયા ચૂંટણી ફંડ ને લીધે તેલીયા રાજાઓ બેફામ ભાવ વસૂલવાનો પરવાનો આપ્યાનો આક્ષેપ** કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવકત્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, તેલીયા રાજાઓ દ્વારા **તેલના ભાવ વધારાઓ કરીને ચલાવવામાં આવતી લુંટના નાણાં કમલમ્ અને ગાંધીનગર સુધી ચુંટણી ફંડ પેટે પહોંચાડવામાં આવે** છે. આગામી વિધાનસભાની ચુંટણીમાં ફંડ ભેગુ કરવા ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલની ખાનગી સુચનાથી **૨૦૦ તેલ મીલરોને ૧-૧ કરોડ કમલમ્ પહોંચાડીને ૨૦૦ કરોડ રૂપિયાનું ફંડ ભેગુ કરવાનું કાવતરૂં** કર્યું છે, આમ, **તેલના ભાવ વધારા પેટે નાગરીકોએ તેલ મીલરો મારફતે ભાજપને ચુંટણી ફંડ આપવું** પડશે.

રાજ્યમાં ખાદ્યતેલ અને ખાદ્યાન્નના ભાવો દિનપ્રતિદિન વધતા જાય છે, તેલના ભાવો આસમાને છે ગરીબોને તેલનું ટીપું દોહલું બન્યું છે, **રાજ્ય સરકાર અને તંત્ર દ્વારા તેલીયા રાજાઓ અને તેલ અને અનાજનો ગેરકાયદેસર સંગ્રહ કરીને કાળોબાર કરનારાઓ ઉપર કોઈ કડક પગલાં લેવામાં આવી નથી**. તેમજ આવા તેલીયારાજાઓ અને સંગ્રહખોરોને સરકાર કે તંત્રની બીક પણ નથી તે સરકારે આપેલા આંકડાઓ પરથી જાહેર થાય છે. કેમ કે બે વર્ષમાં રાજ્યમાં માત્ર ૭૦ દરોડાઓ જ પાડવામાં આવ્યા છે. બે વર્ષમાં રાજ્યના ૧૨ જીલ્લામાં તો એકપણ દરોડો પાડવામાં આવ્યો નથી. આમ ભાજપ સરકારની મીઠી નજર હેઠળ તેલીયા રાજાઓ બેફામ બનીને કાળાબજારી અને કમરતોડ ભાવ વધારો કરીને નાગરીકોના ખિસ્સામાં રીતસરની લુંટ ચલાવી રહ્યા છે.

**અઢી વર્ષ જેટલા સમય ગાળામાં રાજ્યમાં સીંગતેલનો ૧ કિલોનો ભાવ ૧૦૭માંથી ૨૦૦, કપાસિયા તેલ ૧ કિલોનો ભાવ ૮૭માંથી ૧૭૩ અને પામોલીન તેલનો ૧ કિલોનો ભાવ ૭૪માંથી ૧૩૨ થયો છે,** એટલે કે ૧ કિલોએ સીંગતેલ, કપાસિયા તેલ અને પામોલિન તેલમાં અનુક્રમે રૂપિયા ૯૩, ૮૬ અને ૫૮નો વધારો થયો છે. બીજીબાજુ ખેડૂતોને મગફળી અને કપાસના પુરતા ભાવો મળતા નથી. હાલમાં ખેડૂતો પાસે મગફળી કે કપાસનો પાક તૈયાર થયેલ નથી, દિવાળી બાદ મગફળી અને કપાસનો પાક તૈયાર થશે ત્યારે તો ખેડૂતોને પાક ઉત્પાદના ભાવ પુરતા મળતા નથી, ભાજપ સરકારની નજર હેઠળ તેલીયા રાજાઓ સંગ્રહખોરી કરીને ભાવ વધારો કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

| વિગત | જાન્યુઆરી-૨૦૨૦માં ૧ કિલોના ભાવ | ડીસેમ્બર-૨૦૨૧માં ૧ કિલોના ભાવ | ઓગસ્ટ-૨૦૨૨માં ૧ કિલોના ભાવ | અઢી વર્ષમાં ભાવ વધારો | અઢી વર્ષમાં ભાવ વધારો ટકામાં |
|---|---|---|---|---|---|
| સીંગતેલ | ૧૦૭ | ૧૬૪ | ૨૦૦ | ૯૩ | ૮૭ |
| કપાસિયા તેલ | ૮૭ | ૧૫૨ | ૧૭૩ | ૮૬ | ૯૯ |
| પામોલીન તેલ | ૭૪ | ૧૦૮ | ૧૩૨ | ૫૮ | ૭૮ |

ભાજપ સરકાર દ્વારા લોટ, દહીં, કઠોળ, અનાજ વગેરે જીવન જરૂરીયાતની વસ્તુઓ પર જીએસટી લાદવાના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. બીજી બાજું આંતરરાષ્ટ્રિય બજારમાં ક્રુડ ઓઈલની કિંમત ઘટવા છતાં ભાજપની કેન્દ્ર સરકારે એકસાઈઝ ડયુટીમાં સતત વધારો કરીને પેટ્રોલ, ડીઝલ, કિંમતો આસમાને પહોંચાડી દિધી છે અને દેશની જનતાના ખિસ્સામાંથી ૨૮ લાખ કરોડ રૂપિયાની સીધી લૂંટ ચલાવી છે. ગેસ સીલીન્ડર જે ૨૦૧૪માં ૪૧૪ રૂપિયા હતો તે ૨૦૨૨માં ભાજપ સરકારે ૧૦૫૦ રૂપિયા એટલે કે બમણો કરીને ગૃહણીઓનું બજેટ ખોરવી નાંખું છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા